**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૪ ટકા

## કોરોના મહામારીના નાશ માટે મહાયજ્ઞ




રવિવારે અખાત્રીજનો શુભ દિવસ હતો અને આ પાવન દિવસે કરવામાં આવેલ યજ્ઞનું ફળ ઉત્તમ પ્રાપ્ત થાય છે તેવી પ્રાચીન કાળથી ચાલી આવતી માન્યતા છે. અત્યારે સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીએ કાળો કેર વર્તાવ્યો છે ત્યારે અખાત્રીજના આ શુભ દિવસે કોરોના વાયરસના વિનાશ માટે વિશ્વ હિંદુ પંડિત સંગઠન અને શ્રી ભાગવત વિદ્યાપીઠ-સોલાના ૩૦ દેશોમા રહેતા કર્મકાંડી ભૂદેવો, મંદિરના પૂજારી, કથાકારો, ગુરુજનો, સંતો દ્વારા પોતાના ઘરે રહીને આજે સવારે ૧૧:૧૫ થી ૧૨-૩૦ વાગ્યા સુધી વિશ્વશાંતિ મહાયજ્ઞ કરવામા આવ્યો હતો. મહાયજ્ઞમાં યજ્ઞ નારાયણ ભગવાનના મુખ દ્વારા દેવી દેવતાઓને આહુતિ આપીને પ્રાર્થના કરવામાં આવી હતી કે 'સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી મુકત બને, દિવંગત આત્માઓને શાંતિ મળે અને આ મહામારીમાં સેવા આપનાર કર્મચારીઓનું બળ વધે.'

# અબોલ પશુ-પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા નહીં કરાય તો તરસે મરશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ઉનાળાની ગરમી સતત વધી રહી છે અને વૈશાખનો તાપ નાગરિકોને લૉકડાઉનમાં ત્રસ્ત કરી રહ્યો છે. બપોરના સમયે તો પાટનગરના રાજમાર્ગો સાવ ભેંકાર બની રહ્યાં છે. એક રીતે જોતાં આ સ્થિતિ કોરોના સંક્રમણને નાથવા ઉપયોગી સાબિત થાય તેમ છે. સતત વધી રહેલી ગરમીના કારણે આમ પણ પશુ-પક્ષીઓને પીવાના પાણીની સમસ્યા સતાવે છે તેમાં વળી લૉકડાઉન હોવાથી મોટાભાગના માનવીઓ પોતપોતાના ઘરમાં કેદ છે જેના કારણે પણ દર વર્ષે ઉનાળામાં જીવદયાપ્રેમી નાગરિકો દ્વારા





કરવામાં આવતી જલ સુવિધા પર પણ અસર પડી છે અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પક્ષી પરબોનું વિતરણ પણ થવા નથી પામ્યું. આ સ્થિતિમાં અબોલ પણીઓ-પક્ષીઓની હાલત કફોડી થઈ રહી છે અને શક્ય છે કે આગામી દિવસોમાં હજુ વધુ ગરમી પડશે ત્યારે આ નિર્દોષ પક્ષીઓ અને પ્રાણીઓ તરસથી તરફડી તરફડીને મોતને ભેટવા લાગશે.

જો કે શહેરમાં કેટલાંક નાગરિકો દ્વારા પોતાના મકાનની આગળ કે છત પર અથવા બાલ્કનીમાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી રહી છે જે વાંદરા-કૂતરાં-બિલાડાં જેવા પ્રાણીઓ તથા પક્ષીઓ માટે આશિર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. અત્રે સામેલ બે તસવીરો પૈકી એક તસવીરમાં એક નાગરિક પોતાના ઘરની બહાર પાણીના કુંડા ભરીને મુકી રહ્યો છે જ્યારે બીજી તસવીરમાં આ રીતે અન્ય એક નાગરિકે પોતાના ઘરે મુકેલા કુંડામાંથી તરસ્યાં કપિરાજ પોતાની તરસ છીપાવી રહ્યાં છે જે સ્થિતિનો ચિતાર વગર બોલે સમજાવી જાય છે. આ કાળઝાળ ઉનાળાની ગરમીમાં દરેક નાગરિક પોતાના ઘરની બાલ્કનીમાં, છત પર કે આંગણામાં પશુ-પક્ષીઓ માટે પાણીની યોગ્ય વ્યવસ્થા કરે અને તેમાં નિયમિત જળસિંચન કરતા રહે તેવો શહેરના જીવદયાપ્રેમીઓ દ્વારા અનુરોધ કરવામાં આવી રહ્યો છે.




બેંકોમાં કામકાજ લૉકડાઉનના સમયમાં પણ ચાલુ જ રહ્યું છે. બેંક ઓફ બરોડા (દેના ગ્રામિણ બેંક)ના મેનેજર પ્રદિપભાઈ સોલંકી બેંકમાં આવતા ગ્રાહકોને હાથ સેનેટાઈઝ કરાવે છે. તેઓ જાતે આ વ્યવસ્થા સંભાળી રહ્યા છે.



કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં સોશિયલ ડિસ્ટન્સીંગ ભલે વધ્યું હોય પરંતુ માનવતા મહેંકી ઉઠી છે. કોઈ આસપાસ ભૂખ્યું રહે તેની સતત કાળજી રાખવામાં આવી રહી છે. સે-૫ના વોર્ડમાં રહેતા જરૂરિયાતમંદો માટે અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સ્વામિનારાયણ મંદિર, સે-૨ ઉનો ૪૨મો પાટોત્સવ ઉજવાયો





ગાંધીનગરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ મંદિર સે-૨ ઉનો ૪૨મો પાટોત્સવ વર્તમાન લોકડાઉન પરિસ્થિતિને અનુલક્ષી મંદિરનાં સંતોએ ભાવસભર ઉજવ્યો. આ પ્રસંગે મહાભિષેક, વિશેષ પૂજન, આરતી, અન્નકૂટ વગેરે કાર્યક્રમોનું આયોજન થયું, જેમાં ઘરે બેઠાં ઓનલાઈન હજારો ભક્તોએ દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે પૂ.ગુરુજી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ સૌને ઓનલાઈન આશીર્વાદ પાઠવ્યા અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલ કોરોના મહામારીથી ભગવાન સૌની રક્ષા કરે તેવી પ્રાર્થના કરી હતી.





કોરોના વાયરસ સામેની લડાઈ અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. જેમાં સૌ કોઈ પોતપોતાની રીતે યોગદાન આપી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષોથી 'કર ભલા હોગા ભલા' ની નીતિ સાથે શૈક્ષણિક યોગદાન આપનાર કડી સર્વ વિદ્યાલયના વર્ષ ૨૦૦૪ ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એક ગૃપ દ્વારા સંસ્થાના સંસ્કારને ચરિતાર્થ કરતું કાર્ય કર્યું છે. જે અંતર્ગત તેમણે શહેરમાં જરૂરિયાતમંદ પરિવારોને કોરોનાની મહામારી સામે એક જુટ થઈને લડવાના સંદેશ સાથે જીવન જરૂરી કરિયાણાની કીટનું વિતરણ કરી એક પ્રેરણાત્મક ઉદાહરણ પૂરું પાડ્યું છે.



**મુક્તિધામ નાગ** : શહેરમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે તે સાથે જ સરીસૃપોની દરમાંથી બહાર નીકળીને વિચરવાની ઘટનાઓ પણ દિન પ્રતિદિન વધી રહી છે. શહેરનાં સ્મશાન મુક્તિધામ ખાતે પાંચ ફુટ લાંબો ઝેરી નાગ એટલે કે કોબ્રા નીકળ્યો હતો. જેને મુક્તિધામના મેનેજર કિરણસિંહ દ્વારા પકડીને સલામત રીતે માનવ વસ્તીથી દૂર જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો.

# સેક્ટર-૨૮માંથી ૨૦ કેરેટ દુધની ચોરી

ગાંધીનગર, તા.૨૭

લોકડાઉન વચ્ચે દુધ ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં કુડાસણ અક્ષત હેવન પાસેથી દુધના કેરેટની ચોરી થઈ હતી. ત્યારે આજે સેક્ટર-૨૮ ખાતે ૨૮-૨ કેન્દ્ર ખાતેથી ૨૦ કેરેટ દુધની ચોરી થવા પામી છે. વેપારીએ આસપાસના સીસીટીવી ફુટેજ ચેક કરતા માલવાહક રીક્ષામાં દુધના કેરેટ ભરીને જતી રીક્ષા નજરે પડી રહી છે. ત્યારે લોકડાઉન વચ્ચે દુધના કેરેટ ચોરને પકડવા માટે પોલીસે ખાસ એકશન પ્લાન તૈયાર કરવો રહ્યો.

કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય નાગરીકો ઘરની બહાર નીકળતા નથી. રાઉન્ડ ધ કલોક પોલીસનું સઘન પેટ્રોલીંગ ચાલી રહ્યું છે. તેમ છતા ગાંધીનગર શહેર અને ન્યું ગાંધીનગર વિસ્તારમાં છેલ્લા એક માસથી દુધના કેન્દ્ર પરથી દુધના કેરેટ ચોરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. દુધ ચોરીને પગલે વિવિધ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. શહેરમાં જે તે દુધના કેન્દ્ર પર ટ્રકમાંથી કેરેટ ઉતારીને જાય ત્યારબાદ વેપારી આવે તે પહેલા દુધના કેરેટની ચોરી થઈ જાય છે. દુધ ચોર સવારના પાંચ વાગ્યાના અરસામાં દુધના કેરેટ રીક્ષામાં મુકીને ગણતરીની મિનીટોમાં ફરાર થઈ જાય છે. હાલના સમયે તો દુધ ચોરીને પગલે વેપારીઓને આર્થિક ફટકો પડી રહ્યો છે. ત્યારે દુધના કેરેટ ચોરી કરતા તત્વો ઝડપથી પોલીસના સંકજામાં આવે તેવી વેપારીઓની લાગણી અને માંગણી છે.

# પેથાપુર જનરલ સ્ટોરના માલિક સામે ફરીયાદ

પેથાપુરના તરપોજ વાસ ખાતે આવેલ જનરલ સ્ટોરમાં ગુટખાનું વેચાણ કરતા શખ્સ સામે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયો છે. પેથાપુરમાં ગુટખાનું વેચાણ થઈ રહ્યું હોવાનું એલસીબી પોલીસના ધ્યાને આવ્યું હતું. જેથી પોલીસે બાતમીને પગલે સીતાબાઈની વાડી સામે આવેલ દુકાન પર રેઈડ પાડી હતી. જેમાં કાઉન્ટર પર જ મસાલા પડ્યા હતા. તે ઉપરાંત કાઉન્ટર પાસે તમાકુની બનાવટની જુદી જુદી આઈટમો બીડી,સીગરેટ, ગુટખા પડેલા હતા. એલસીબી પોલીસે તમાકુનો કુલ ૮.૯૨૭ નો મુદ્દામાલ કબ્જે કરી દુકાન પર બેઠેલા આરીફ મેમણ (ઉં.૩૯ કંસારાફળી પેથાપુર) સામે ગુનો દાખલ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.



કોરોના વાયરસ અને લોક ડાઉનને ધ્યાનમાં રાખીને લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સંસ્થાના પ્રમુખ દક્ષાબેન જાદવના નેતૃત્વ હેઠળ શ્રમજીવી પરિવારમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુસર સાબુ, ચા, ખાંડ તથા ટૂથ પેસ્ટની ૮૦ જેટલી કીટ બનાવી શહેરના શ્રમજીવી પરિવારોને આપવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. મીનાબેન અભેસિંહ ઠાકોર, ઉ.વ. ૨૭
- સ્વ. અરવિંદભાઈ જોરસિંગ રાઠોડ, ઉ.વ. ૨૨
- સ્વ. રામચંદ્રભાઈ દેવજીભાઈ ઠક્કર, ઉ.વ. ૬૮

કોરોના વાયરસ સામે લડવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લૉકડાઉન દ્વારા સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવવા સાથે નાગરિકોને આયુર્વેદ ઉપચારો દ્વારા પોતાના શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવા સૂચન કર્યુ હતું અને કેન્દ્રના આયુષ વિભાગ દ્વારા આ અંગે એક માર્ગદર્શિકા પણ પ્રકાશિત કરવામાં આવી છે. ગાંધીનગરના વાવોલની હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી ગોલ દ્વારા સોસાયટીમાં રહીશોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદિક ઉકાળાના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.



## જિલ્લા બહારથી આવેલા મહેમાન અને સ્થાનિક નાગરીક સામે ફરીયાદ

લોકડાઉનમાં ખંભાતથી ગાંધીનગર આવેલા અને આ અંગે તંત્રને જાણ નહી કરનાર બે નાગરીકો સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ રાજયના આણંદના ખંભાતમાં રહેતા અમૃતભાઈ નટવરભાઈ ચુનારા (ઉં.૬૩) ગત તા.૨૩ એપ્રિલના રોજ ગાંધીનગર ખાતે સેકટર-૭ સી ખાતે રહેતા પોતાના સગા નગીનભાઈ શંકરભાઈ પટ્ટણી (ઉં.૫૦) ના ઘરે આવીને રોકાયા હતા. આ સમયે અમૃતભાઈ પડી જતા ગાંધીનગર અને અમદાવાદ ખાતે હોસ્પિટલ લઈ જવાયા હતા. અમદાવાદ સિવિલ ખાતે તેમનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તેઓ લોકડાઉના સમયમાં મંજુરી વિના જ ગાંધીનગર આવીને ગંભીર બેદરકારી દાખવી હતી. જયારે પોતાના ઘરે જિલ્લા બહારથી આવેલા સગા અંગે તંત્રને જાણ નહી કરીને નગીનભાઈ પટ્ટણી પણ બેદરકારી દાખવી છે. જેથી સેક્ટર-૭ પોલીસે બંન્ને સામે જાહેરાનામા ભંગ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. કોરોના દર્દી એવા અમૃતભાઈ સામે સારવાર બાદ અને નગીનભાઈ સામે કોરોન્ટાઈનના સમયગાળા બાદ પોલીસ આગળની કાર્યવાહી કરશે.

# કોરોનાના કહેર વચ્ચે અનોખી માનવતા મહેકી

## નગરજનોએ રક્તદાન કર્યું : આ રક્તદાન શિબિર દ્વારા કુલ ૬૯ યુનિટ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી

ગાંધીનગર, તા.૨૭

કોરોનાની મહામારીનું સંકટ સમગ્ર વિશ્વને હંફાવી રહ્યુ છે. જનતા હાલ લોક ડાઉનનું પાલન કરી રહી છે. કામ વગર ઘરની બહાર નીકળવામાં ભલાઈ નથી. સમય કપરો બન્યો છે પરંતુ આ કપરા સમયમાં શહેરના સેવાભાવીઓ પોતાની ચિંતા કર્યા વગર શહેર અને શહેરી લોકોની સેવા કરવા ખડે પગે છે. જેનું ઉદાહરણ સોમવારના રોજ યોજાયેલ રકતદાન શિબિર પૂરું પાડે છે.

સેવન વન્ડર્સ હોટલ, કુડાસણ દ્વારા તારીખ ૨૭ એપ્રિલના રોજ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લોહીની જરૂરીયાત ઉભી થતા આ જરૂરિયાતને પહોંચી વળવા સેવન વન્ડર્સના ભરત ઠક્કર તથા સેવા કાર્ય સાથે જોડાયેલા પ્રિયંક ઠક્કર અને પૃથક ઠક્કર દ્વારા આ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ કેમ્પ દરમ્યાન સરકાર દ્વારા જાહેર કરાયેલા તમામ ગાઈડ લાઈન નું સંપૂર્ણ પણે પાલન કરવામાં આવ્યું હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા કુલ ૬૯ યુનિટ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી. ફક્ત સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરાયેલ મેસેજ અને માહિતી દ્વારા જ શહેરના રક્તદાતાઓ સેવા કાર્યમાં યોગદાન આપવા આવી પહોંચ્યા હતા. બ્લડ ડોનેટ કરતા અમુક શહેરીજનો ભાવુક જણાતા હતા. આયોજકો દ્વારા તમામ રક્તદાતાઓને સેનીટાઈઝર, ફુડ પેકેટ,પક્ષી માટે પાણીનું કુંડુ અને ચકલી ઘર ભેટ કરાયા હતા. સરકાર દ્વારા જાહેર કરાયેલ તમામ નિયમોનું પાલન કરીને યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં રક્તની બોટલ એકત્રિત કરવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોક્ટર મીતા પરીખ અને સિવિલ બ્લડ બેંક ટીમ હાજર રહી હતી. આ સમગ્ર સેવાકાર્યમાં ભરત ઠક્કર, પ્રિયંક ઠક્કર, પૃથક ઠક્કર, મેહુલ ભોજક, સંકેત પોપટ, કેવલ ઠક્કર,અને ભાગ્યેશ આહિરનો વિશિષ્ટ સહયોગ રહ્યો હતો. આ કેમ્પમાં ડૉ. ઋત્વિજ પટેલ અને પૂર્વ ગુડા ચેરમેન આશિષ દવે પણ હાજર રહ્યા હતા. આ રક્તદાન કેમ્પના આયોજકો અને સેવન વન્ડર્સ હોટલ દ્વારા શહેરના તમામ જાગૃત નાગરિકોનો આભાર માનવામાં આવે છે કે, જેઓ સ્વયંભૂ રક્તદાન કરવા માટે નિઃસંકોચ આવી પહોંચ્યા હતા.

